# બે ઈસ્મેહી તઆલા

## ઈમામ અલી અ.સ. ની મુબારક 40 હદીસો

1

" તમે ખુદા ને દરેક જગ્યા યાદ કરો કે તે દરેક જગ્યા તમારા સાથે જ છે,"

ઈરશાદાતે માસુમીન અ. દર તફસીરીલ ઈમામીલ મોબીન પે.30

2

" ઓછુ બોલવાથી ભૂલો છુપી રહે છે અને ગુનાહો ને ઓછા કરી દે છે,"

તજલ્લીયાતે હિકમત પે.203 – 206

3

" લોકો ની નક્કી થએલી મૌત કરતા ગુનાહો ના લીધે મૌત વધારે થાય છે, "

તજલ્લીયાતે હિકમત પે.203 – 206

4

" એક માણસે ઈમામથી સવાલ કર્યો કે નમાઝે શબ નથી પઢી શકતો ? ઈમામે ફરમાવ્યું તુ તે માણસ મા થી છે કે જેને ગુનાહોએ કૈદ કરી લીધો છે (તે લીધે નમાઝેશબની તૌફીક નથી મળતી)''                એલલુશ્શરાએ ભા.2 પે. 51

5

" ખરાબ મા ખરાબ ગુનાહ તે છે કે જેને અંજામ દેનાર તે ગુનાહ ને મામુલી સમજે,"

તજલ્લીયાતે હિકમત પે.203 – 206

6

" ગુનાહ થવાથી માયુસ ન થાવ જ્યારે કે તૌબાનો દરવાઝો ખુલ્લો છે,"

તજલ્લીયાતે હિકમત પે.203 – 206

7

"નાના ગુનાહો થી બચો કેમ કે નાના ગુનાહ મોટા ગુનાહો તરફ બોલાવે છે,"

તજલ્લીયાતે હિકમત પે.203 – 206

8

"ગુનાહો ને છોડી દો એના પહેલા કે તે તમને છોડી દે"

તજલ્લીયાતે હિકમત પે.203 – 206

9

"એકલતામા પણ ખુદાની નાફરમાનીથી બચો કેમ કે   જે જોનાર છે તે ફૈસલો કરનાર છે,"

નહ્જુલબલાગાહ હિકમત

10

pdfMachine
A pdf writer that produces quality PDF files with ease!
Produce quality PDF files in seconds and preserve the integrity of your original documents. Compatible across nearly all Windows platforms, simply open the document you want to convert, click “print”, select the “Broadgun pdfMachine printer” and that’s it! Get yours now!

"જે માણસ બીજાની ભૂલો તલાશ કરતો હોય  તો ખુદા તેની મોહબ્બત લોકોના દીલમાથી કાઢી નાખે છે,"            ગરરુલહકમ પે.683

11

"અય ફરઝંદે આદમ ! જ્યારે તુ જોવે કે ખુદા તને વારંવાર નેઅમતો આપી રહ્યો છે જ્યારે કે તુ ગુનાહ પર ગુનાહ કરી રહ્યો હોય તો તેની સઝા અને અઝાબથી બચ. કેમ કે તે અઝાબની શરુઆત છે,"        નહજુલબલાગાહ હિકમત 25

12

"ખુદાની આ નેઅમતોને ન ભૂલશો,
તંદુરસ્તી
તાકત
ફુરસત
જવાની
ખુશહાલી
આ વસ્તુઓથી આખેરત ને પ્રાપ્ત કરો."

તફસીરે સાફી ભા.2 પે. 257

13

"દરેક સાથે એહસાન કરો જેથી તેના હાકીમ બની જાવ."

બીહારુલ અનવાર ભા.77  પે.421

14

"તમારા ઈમાનનું રક્ષણ સદકાથી કરો, તમારા માલ ની હીફાઝત ઝકાત થી કરો, તમારી બલાઓને દુવાથી દુર કરો,"  નહજુલ બલાગાહ હિકમત 138

15

" જે કોઈ  સળંગ ત્રણ નમાઝે જુમ્મા વગર કોઈ કારણે ન પઢે તો તેની ગણત્રી મુનાફીક (દંભી) મા થશે,"     મુસ્તદરકુલ વસાએલ ભા.1 પે.407

16

"કામયાબી માટે સૌથી મોટી આફત આળસ છે,"    ગરરુલ હકમ હદીસ 3968

17

" નમાઝ શયતાની હમલાથી બચવા માટે સૌથી મઝબુત કિલ્લો છે"

ગરરુલ હકમ હદીસ  3343

18

"ત્યાર સુધી ઈમાન સંપૂર્ણ નથી થઈ શકતુ જ્યા સુધી કે ખુદા જેને દોસ્ત રાખે છે તેનાથી દોસ્તી ન કરે, અને જેને ખુદા દુશ્મન રાખે છે તેનાથી દુશ્મની ન કરે,"

શર્હે નહજુલબલાગાહ ભા. 18  પે. 51

19

pdfMachine
A pdf writer that produces quality PDF files with ease!
Produce quality PDF files in seconds and preserve the integrity of your original documents. Compatible across nearly all Windows platforms, simply open the document you want to convert, click "print", select the "Broadgun pdfMachine printer" and that's it! Get yours now!

" તમારા પેટને જાનવરોનુ કબ્રસ્તાન ન બનાવો (વધારે ગોશ્ત ન ખાવ)
બીહારુલ અનવાર ભા.41 પે. 148

20
"જ્યારે તમારા દુશ્મન ઉપર કાબુ મેળવી લો તો કામીયાબીના શુક્ર ના લીધે તેને માફ કરી દો," નહ્જુલબલાગાહ્ હિકમત 11

21
"મારી ઈઝ્ઝત માટે એટલુ જ બસ છે કે હુ તારો બંદો છુ અને મારા ફખર માટે એટલુ જ બસ છે કે તુ મારો પરવરદીગાર છે," અલખેસાલ બાબ 9

22
" ઈસરાફ કરવાથી માલ ખત્મ થઈ જાય છે," મીઝાનુલ હીકમહ્ ભા.5

23
"મુસલમાન તે છે કે જેના હાથ અને જીભથી તમામ મુસલમાન રક્ષણમા રહે,........... મુસલમાન માટે બીજા મુસલમાન ને તકલીફ આપવી જાએઝ નથી,"

નહ્જુલ બલાગાહ્ ખુત્બા નં 167

24
"આ દુનિયા તમારા માટે હંમેશા રહેવાની નથી આતો ફકત પસાર થવા માટે છે તો અહીયા થી હંમેશા ના મકાન (આખેરત) માટે સામાન ભેગો કરો,"

નહ્જુલ બલાગાહ્ ખુત્બા નં 132

25
"અય ખુદાના બંદા ! બીજાની ભુલોને બયાન કરવામા જલ્દી ન કર, હોય શકે કે ખુદા તેને માફ કરી દીધો હોય, અને પોતતાને નાના નાના ગુનાહોથી સુરક્ષિત ન સમજ, હોય શકે ખુદા તે ગુનાહો થકી જ અઝાબ કરે," નહ્જુલબલાગાહ્ ખુત્બા 140

26
" કુરઆને મજીદમાં તમારા પહેલા જે થયુ અને તમારા પછી જે થશે અને તે તમામ વસ્તુઓ જે તમને લાગુ પડે છે તે બધુ જ બયાન કરવામા આવ્યુ છે," નહ્જુલબલાગાહ્

27
" ચાર વસ્તુ તકવાની નિશાની છે, ખુદાનો ડર, કુરઆન પર અમલ, સંતોષી રહેવુ, મૌત માટે તૈયાર રહેવુ ," ફેહરિસ્તે ગોરર વ દોરર પે. 414

28
"તમારા મા લાચાર તે છે જે દોસ્તોને ન બનાવી શકે, અને તેનાથી પણ વધારે લાચાર તે છે કે જે દોસ્ત બનાવીને તેને ખોઈ બેસે," ચનાબીઉલ મવદદત પે.370

29

pdfMachine
A pdf writer that produces quality PDF files with ease!
Produce quality PDF files in seconds and preserve the integrity of your original documents. Compatible across nearly all Windows platforms, simply open the document you want to convert, click “print”, select the “Broadgun pdfMachine printer” and that’s it! Get yours now!

"જેને ચાર વસ્તુ મળી, તેને દુનિયા અને આખેરતની ભલાઈ મળી ગઈ, સાચું બોલવુ, અમાનત ને અદા કરવી, પેટને હરામથી બચાવવું અને સારા અખલાક. "

ગરરુલ હુકમ ભા. 1 પે.102

30

" જે માણસને ગુનાહ કરવાનો મૌકો મળે અને ન કરે તો તેનો દરજ્જો રાહે ખુદામાં જેહાદ કરી શહીદ થનાર કરતા વધારે છે," નહજુલબલાગાહ હિકમત નં. 474

31

" મઝહબી માણસની અમુક નિશાનીઓ છે, તેમાથી એક આ છે કે જ્યારે બોલે તો સાચું બોલે," કાફી ભા.2 પે. 239

32

" લોકો ની મૌત નક્કી સમય કરતા ગુનાહોના લીધે વધારે જલ્દી થાય છે, "

તજલ્લીયાતે હિકમત 202-203

33

" આખેરત માટે સૌથી ખરાબ સામાન ખુદા ના બંદાઓ ઉપર ઝુલમ કરવો છે,"

નહજુલબલાગાહ હિકમત 221

34

" સૌથી સારામાં સારી આદત એ છે કે જે વાયદો કરો તેને પૂરો કરો,"

ગરરુલ હુકમ પે.251

35

" હયા શરમ બુરાઈઓથી રોકે છે, " ગરરુલ હુકમ વ દોરરીલ કલીમ હદીસ ન.1393

36

" જ્યારે નિય્યત ખરાબ થઈ જાય છે તો બરકત પણ ખત્મ થઈ જાય છે, "

ગરરુલ હુકમ હદીસ ન.6228

37

" જે કોઈ પોતાનો હિસાબ કરશે તે નેક બનશે," ગરરુલ હુકમ ભા.2 પે.161

38

"ખુદા દરેક અમલ નો સવાબ રાખ્યો છે અને દરેક અમલ નો હિસાબ પણ રાખેલો છે, "

ગરરુલ હુકમ ભા.1પે.63

39

"મૌતથી વધારે સાચી વસ્તું ,બીજી કોઈ નથી," મીઝાનુલ હિકમત ભા.1 પે.44

40

pdfMachine
A pdf writer that produces quality PDF files with ease!
Produce quality PDF files in seconds and preserve the integrity of your original documents. Compatible across nearly all Windows platforms, simply open the document you want to convert, click “print”, select the “Broadgun pdfMachine printer” and that’s it! Get yours now!

" ખરાબ લોકોના સંગાથથી સારા માણસો વિષે ખરાબ વિચારો આવે છે, "

ઓયુનુલ અખબારે રેઝા અ.સ., ભા.2 પે.128

## સલવાત

## ઈલ્તેમાસે દુઆ


**pdfMachine**

**A pdf writer that produces quality PDF files with ease!**

Produce quality PDF files in seconds and preserve the integrity of your original documents. Compatible across nearly all Windows platforms, simply open the document you want to convert, click “print”, select the “Broadgun pdfMachine printer” and that’s it! Get yours now!